# ધાનેરા તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયો

## ૨૬માંથી ૧૬ બેઠક ઉપર ભાજપનો વિજય, ૯ બેઠક ઉપર કોંગ્રેસનો વિજય તો ૧ બેઠક અપક્ષે મેળવી

**ધાનેરા તાલુકા પંચાયત બેઠકના વિજેતા ઉમેદવાર**

૧. નેનાવા - પરમાર ગણેશભાઈ મલભાઈ - ભાજપ
૨. ભાજણા - આલ જતુબેન વાઘાભાઈ - ભાજપ
૩. હડતા - દેવડા ચંદનકુંવર જુઝારસિંહ - કોંગ્રેસ
૪. ધાખા - ભાંડ દલજીબેન સુજાભાઈ - કોંગ્રેસ
૫. જોરાપુરા-ચૌધરી અંબાબેન ભાણાભાઈ - કોંગ્રેસ
૬. સરાલ - કડુઆતર રમેશભાઈ જગશીભાઈ - કોંગ્રેસ
૭. સામરવાડા - ખરસાણ ગજાભાઈ પ્રેમાભાઈ - ભાજપ
૮. રૂણી - પટેલ કાળાભાઈ ગણેશભાઈ - કોંગ્રેસ
૯. વાલેર - ઠાકોર નટવરભાઈ ચેનજીભાઈ - ભાજપ
૧૦. કુમર - પટેલ જાહુંબેન ડાહ્યાભાઈ - ભાજપ
૧૧. રવિયા - ઉલવા જોરાભાઈ વણાભાઈ - કોંગ્રેસ
૧૨. થાવર - કાળમાં અજબાભાઈ પ્રેમાભાઈ - કોંગ્રેસ
૧૩. માલોત્રા - ગલચર મફીબેન મશરાભાઈ - ભાજપ
૧૪. શિયા - રાઠોડ મફાભાઈ ખેતાભાઈ - ભાજપ
૧૫. અનાપુરગઢ-પટેલ સોનાભાઈ વણાભાઈ - ભાજપ
૧૬. જડીયા - ચૌધરી લક્ષ્મીબેન રાયમલભાઈ - અપક્ષ
૧૭. ભાટીબ - પટેલ રાધાબેન હરનાથભાઈ - ભાજપ
૧૮. વાસણ - મકવાણા હોથીભાઈ માનાભાઈ - ભાજપ
૧૯. મગરાવા - પટેલ નારણભાઈ નગાભાઈ - કોંગ્રેસ
૨૦. વાછોલ - ચૌધરી દક્ષાબેન દિનેશભાઈ - ભાજપ
૨૧. આલવાડા - પટેલ પાંચુબેન મલાભાઈ - ભાજપ
૨૨. ભાટરામ - ભીલેચા શારદાબેન બાલુભાઈ - ભાજપ
૨૩. ખીંમત૦૧ - ઠાકોર કંચુબા પરબતસિંહ - ભાજપ
૨૪. ખીંમત ૦૨ - ચૌધરી મરઘાંબેન ભીખાભાઈ - ભાજપ
૨૫. અનાપુરછોટા - જગશીભાઈ રણછોડભાઈ - ભાજપ
૨૬. ધરણોધર- બિન હરીફ - કોંગ્રેસ

**ધાનેરા જિલ્લા પંચાયત બેઠકના વિજેતા ઉમેદવાર**

૧. ધાખા - રાયમલભાઈ પટેલ - ભાજપ
૨. જાડીયા -રત્નાભાઈ રબારી - કોંગ્રેસ
૩. સરાલ - માધાભાઈ પટેલ - કોંગ્રેસ
૪. ખીંમત - ઈન્દ્રબને રિંકુજી ઠાકોર - ભાજપ
૫. થાવર - સુરેશભાઈ ભગવાનદાસ પટેલ - ભાજપ

ધાનેરા તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાતા ભાજપ અગ્રણીઓ સહીત કાર્યકર્તાઓમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે વિજેતા ઉમેદવારોને લોકોએ ફુલહાર પહેરાવી વધામણાં કાર્ય હતા અને ભવ્ય વિજય સરઘસ નીકાળ્યા હતા.

ધાનેરા તાલુકા પંચાયતની ૨૬ સીટ માટે ૭૦ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી અને ૨૧ તારીખ ના રોજ મતદાન થયું હતું તેમાં ૭૦ ઉમેદવરાઓનું ભાવિ ઈવીએમ મશીનમાં શીલ થયું હતું તે બાદ આજે વહેલી સવાર થીજ મતગણતરી શરુ થઈ હતી અને મતગણતરીમાં કહી ખુશી તો કહી ગમ નો માહોલ જોવા મળ્યો હતો ધાનેરા તાલુકા પંચાયતની ૨૬ સીટ માંથી ૧૬ સીટ ઉપર ભાજપે કબ્જો મેળવ્યો હતો ત્યારે માત્ર ૯ સીટ જ કોંગ્રેસ ને મળી હતી ત્યારે એક સીટ ઉપર અપક્ષ ઉમેદવાર પણ વિજય બન્યા હતા.

આજે ધાનેરા તાલુકા પંચાયત ઉપર બહુમતી થી ભાજપ ધ્વરા કબ્જો મેળવી લેવામાં આવ્યો છે ત્યારે લોકોમાં પણ ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે હવે જો વાત કરવામા એ ધાનેરા વિસ્તારમાં આવતી જિલ્લા પંચાયત સીટ ની તો ધાનેરા વિસ્તાર માં પાંચ જિલ્લા પંચાયત ની સીટ આવેલી છે અને પાંચ સીટ માટે ૧૭ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી જેમાં ૩ સીટ ઉપર ભાજપ કબ્જો મેળવ્યો હતો ધાનેરા ધારાસભ્ય નાથાભાઈ પટેલ ના ગામમાં ભાજપે ગાબડું પડ્યું હતું અને જિલ્લા પંચાયતની સીટ ઉપર વિજય મેળવ્યો હતો.



**થરાદના ઘંટીયાળી ગામે બેફામ બનેલા ટ્રકચાલકે ગાયોને અડફેટે લેતાં ત્રણના મોત**

થરાદ પંથકમાં રોજબરોજ અકસ્માતોની ઘટનાઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. તેમાં આજ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. થરાદ તાલુકાના ઘંટીયાળી ગામે બેફામ બનેલા કોઈ અજાણ્યા ટ્રકચાલકે રસ્તેથી પસાર થતી ગાયોને અડફેટે લીધી હતી ત્યારે આ ઘટનામાં ત્રણ ગાયોના ઘટના સ્થળે જ મોત થયા હતા જોકે આ ઘટનાના પગલે ગૌ રક્ષકો અને જીવદયાપ્રેમીઓમાં રોષ જોવા મળ્યો હતો.

# પિતા અને ભાઈ વિલન બને તે પૂર્વે વાગ્દત્તાએ ફિયાન્સ સાથે મંદિરમાં મંગળફેરા કર્યા

## માતા તથા ભાઇ બહેને પુરો સાથ આપ્યો, યુવતીએ ૧૮૧ અભયમને પણ બોલાવી લીધી

થરાદ, તા. ૨૪

થરાદ તાલુકાની નીતાબેન ઠાકોર નામની યુવતીની સગાઈ ચારેક મહિના પહેલા સમાજના રીતરિવાજ મુજબ સમાજના યુવક પરબત ઠાકોર સાથે થવા પામી હતી. જોકે ત્યારબાદ તેણીના પિતા અને ભાઈ અગમ્ય કારણોસર તેની સગાઈ તોડી અન્યત્ર કરવાની ફિરાકમાં હતા. આ બાબતનો યુવતીના માતા તથા ભાઈ બહેનને પણ વિરોધ હતો. તેમ છતાં પણ પિતા અને ભાઈ સગાઈ તોડવા તત્પર હોઈ તેમને તેમ કરવામાં સફળતા મળે તે પુર્વે યુવતીએ પોતાના ફિયાન્સ સાથે મંગળવારે વાવ તાલુકાના ઢીમાના સુપ્રસિધ્ધ તીર્થક્ષેત્ર શ્રી ધરણીધર ભગવાનના મંદિરમાં મંગળફેરા ફરી લઈ પ્રભુતામાં પગલાં પાડી દીધાં હતાં. જેનાં માતા તથા સહકાર આપનાર ભાઈ-બહેન પણ સાક્ષી રહ્યાં હતાં. જોકે તેમ છતાં પણ પિતા તથા ભાઈ વિલન બને તેમ હોઈ યુવતીએ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પણ મદદ લીધી હતી. આથી તેઓ પણ આવી ગયા હતા. અને મામલો પોલીસ મથક સુધી આવતાં યુવતીએ ત્યાં પોતે પુખ્ત વયની છે



તેના આધારપુરાવા રજુ કરી તથા ફિયાન્સ સાથે પ્રેમ થઈ ગયો હોઈ તેની સાથે જ લગ્નજીવન શરૂ કરવાનો મક્કમ નિર્ધાર કર્યો હોવાનાં લેખિત નિવેદન પણ પોલીસ સમક્ષ આપ્યાં હતાં.

આમ કોઈ ફિલ્મની સ્ટોરી કે ઘણી વખત સમાજમાં બનતી વાસ્તવિક રમૂજી ઘટનાઓ જેવી કે સગાઈ થવા છતાં ભાવિ પતિ ન ગમતો હોવાના કારણે અથવા તો પ્રેમ થવાના કે હોવાના કારણે યુવતીઓ લગ્ન કરી વરના બદલે પ્રેમી સાથે ભાગી જતી હોય છે. પરંતુ તેનાથી ઉલ્ટો કિસ્સો ફિયાન્સની સાથે પ્રેમ થતાં વિલન પિતા અને ભાઈ સગાઈ તોડે તે પહેલાં વાગદત્તાએ તેમના નિર્ણયના વિરોધમાં જઈને પણ પરિવારના અન્ય દેશોના સાથ-સહકારથી તેની સાથે જ લગ્નજીવનમાં શરૂઆત કરી દીધી હોવાનો બનવા પામ્યો હતો.

# પ્રાંતિજ ખાતે જુની અદાવતમાં યુજીવીસીએલના કર્મચારીને માર મારી લૂંટ ચલાવાઈ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ યુ.જી.વી.સી.એલ.માં ફરજ બજાવતા કર્મચારીને જુની અદાવત રાખી ગાળો બોલી ફેંટ પકડી કર્મચારીના પેન્ટના ખીસ્સામાંથી ૧૩૯૫૦ કાઢી લૂંટ કરતાં બે વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન પરથી મળતી માહિતી મુજબ ફરીયાદી યુ.જી.વી.સી.એલ. પ્રાંતિજ ખાતે ઈલે. આસીસ્ટંટ તરીકે ફરજ બજાવતા હોય અને આરોપી- નં ૧નું વીજ કનેક્શન એક માસ અગાઉ વીજચોરીમાં પકડેલ હોય તેની અદાવત રાખી ફરીયાદી નિતીનકુમાર કનુભાઈ ભટ્ટને આરોપી દ્વારા ગાળો બોલી ફરીયાદી નં-૨ ફરીયાદીની ફેટ પકડી શર્ટના બટન તોડી નાંખી ફરીયાદીને ફેટ મારી પકડી રાખી આરોપી નં-૧ના એ ફરીયાદીના પેન્ટના ખીસ્સામાં મુકેલ સરકારી બીલના ઉઘરાણીના નાણાં રોકડા રકમ રૂપિયા ૧૩૯૫૦ કાઢી લઈ લુટ કરી અને ફરીયાદીની સરકારી ફરજમાં રૂકાવટ કરી એક બીજાની મદદગીરી કરી ગુનો કરી જતાં રહેતાં ફરીયાદી નિતિનકુમાર કનુભાઈ રહે. શીંકા. તા.ધનસુરા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલીસે અમૃતસીંહ નાથુસીંહ ચૌહાણ તથા કેશરીસીંહ અમૃતસીંહ ચૌહાણ બન્ને રહે. બાલીસણા, પિતા-પુત્ર વિરૂધ્ધ ગુનો નોધી આઈપીસી કલમ- ૩૯૨, ૩૩૨, ૩૨૩, ૧૮૬, ૫૦૪, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખપદે મીનાબેન ચૌહાણ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે રહેતા મીનાબેન ચૌહાણની ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ દ્વારા જિલ્લા મહિલા પ્રમુખ તરીકે નિમણુંક કરવામાં આવતાં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય



મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, શહેર પ્રમુખ અમરીશભાઈ પટેલ, રેખાબેન સોલંકી, બીપીનભાઈ પટેલ તથા કોંગ્રેસ કાર્યકરો કોંગ્રેસના આગેવાનો સહિત પક્ષના લોકોએ મીનાબેન કાળુસિંહ ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રસ પ્રમુખ સોનલબેન પટેલ દ્વારા શુભેચ્છાઓની સાથે સંગઠનની સાથે જવાબદારી પક્ષને સંપુર્ણપણે વફાદારી રહીને નિષ્ઠાપૂર્વક નિભાવવાની સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

# ધનસુરા તાલુકાના રહીયોલ પાસે GETCOના સબ સ્ટેશનમાં ૪ લાખથી વધુની મત્તાની ચોરી

ધનસુરા તાલુકાના રહિયોલ ગામ પાસે ગુજરાત એનર્જી ટ્રાંસમિશન કોર્પોરેશનનુ સબ સ્ટેશન આવેલુ છે. આ સબ સ્ટેશનમાથી ૪ લાખથી વધુની મત્તાની ચોરી થઈ હોવાની ધનસુરા પોલીસ મથકે નોધાઈ છે. જેમાં આયસોલેટર બ્લેડ, એલ્યુમીનીયમ જમ્પર, સ્ટીલની પ્લેટોની જેવી સામગ્રીની ચોરી થઈ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ તમામ સામગ્રીની કિંમત આશરે ૪ લાખ રુપિયાથી વધુની થાય છે. આ ચોરીની ફરિયાદ ધનસુરા પોલીસ સ્ટેશનમાં નોંધાતા ધનસુરા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરુ કરી છે.

# મેઘરજના ડચકા ગામની મહિલા પર વહેમ રાખી રિસામણે પિયર આવેલી પત્ની પર પતિનો હિચકારો હુમલો

મેઘરજ, તા. ૨૪

મેઘરજ તાલુકાના ડચકા (બોડીસીમલ) ગામની મહીલાને પતિ તેમજ સાસુ સસરા દ્વારા મારજુડ કરી માનસીક ત્રાસ આપતાં આખરે મહીલાએ મેઘરજ પોલીસમાં સાસરીયા વીરુધ્ધ પોલીસ ફરીયાદ નોધાવતા મેઘરજ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ડચકા (બોડીસીમલ) ગામની ૩૦ વર્ષીય મહીલા ઉષાબેન શનાભાઈ ડામોરના તેર વર્ષ અગાઉ રાજસ્થાનના સિમલવાડા તાલુકાના સરથુણા ભાઠીયા ગામે સમાજના રીતરીવાજ મુજબ રમણ ઉદા ડામોર સાથે લગ્ન થયા હતા અને બન્નેનો ઘરસંસાર એકાદ વર્ષ સારો ચાલ્યો હતો. ત્યાર પછી પરણીતાના પતિ રમણ પરણીતાને અવાર નવાર કહેતો કે તુ રખડતી છે તને રાખવાની નથી તેમ કહી મારઝૂડ કરતો હોઈ પરણીતા તેની સાસરીમાંથી પિતાના ઘરે ડચકા ગામે આવી અને કુટુંબી અને ઘરના સભ્યોને સમગ્ર ઘટનાની વાત કરી હતી. કુટુંબીજનોએ દિકરીનો ઘરસંસાર ના બગડે તે સારુ દિકરીને તેની સાસરીમાં મોકલી આપતા હતા અને પરણીતા તેની સાસરીમાં રહેતી હતી. તે વખતે પરણીતાના સસરા ઉદા મશુર અને સાસુ લાલીબેન પરણીતાના પતિ રમણની ચઢામણી કરી કહેતા હતા કે આ તારી બૈરી રખડતી છે તેને તુ કાઢી મુક તારે તેને રાખવાની નથી તેમ કહી ચઢામણી કરતા પરણીતા ઉષાનો પતિ રમણ ઉષાને નઠારી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તુતો રખડતી છે તને રાખવાની નથી તેમ કહી પરણીતા ઉષાને શારીરીક અને માનસીક ત્રાસ આપતો હોઈ પરણીતા તેના બાળકો સાથે તેના મા-બાપના ઘરે ડચકા ગામે આવી હતી. તે વખતે પરણીતાનો પતિ રમણ કચકા ગામે ઘરે આવી અને પરણીતા ઉષાને ગાળો બોલી માર મારવા લાગ્યો હતો ત્યારે પરણીતાએ બુમાબુમ કરતા તેના કુટુંબીજનો આવી જતાં રમણ ત્યાંથી ભાગી ગયો હતો. જેને લઈને પરણીતા ઉષાએ શુક્રવારે મેઘરજ પોલીસ સ્ટેશને પતિ રમણ ઉદા ડામોર, સસરા ઉદા મશુર ડામોર, સાસુ લાલી ઉદા ડામોર તમામ રહે, સરથુણા ભાઠીયા તા. સિમલવાડા, રાજસ્થાન સામે માનસિક અને શારીરીક ત્રાસની ફરીયાદ નોધાવી હતી.



**ધાનેરામાં લાયન્સ ક્લબ દ્વારા 'એન્જોય યોર એક્ઝામ' વિષય પર ફ્રી સેમિનાર યોજાયો**

લાયન્સ ક્લબ ઓફ ધાનેરા દ્વારા હીરાણી પાર્ટી પ્લોટમા ધોરણ ૮ થી ૧૨ ના વિર્ધાથીઓ માટે આવનારી પરીક્ષાઓ માં ચિંતા મુક્ત બની પરીક્ષા ના ડર વિના યોગ્ય રીતે તૈયારી કરી ઝળહળતી સફળતા મેળવી શકે તે માટે લાઈફ મેનેજમેન્ટ કોચ શ્રી પરિમીત જોબનપુત્રા સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. લાયન્સ ક્લબના પ્રમુખ પદે જયારથી રમેશભાઈ ઠકકરે સુકાન સંભાળ્યું છે ત્યારથી વિવિધ સેવાકિય અને વિર્ધાથીઓને લગતાં ધણા કાર્યક્રમો કરવામાં આવ્યા છે ગયાં વર્ષે પણ આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારનું મૂખ્ય આકર્ષણ એ હતું કે આ સેમિનારની શરૂઆત વિર્ધાથીનીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરાવીને લાયન્સ ક્લબે નવી પ્રથા દાખલ કરી હતી અને લાયન્સ પ્રમુખ રમેશભાઈ ડી ઠકકર આ નિર્ણય ને લોકો એ ખુબ જ દિલ થી વધાવી લીધો હતો આ સેમીનાર માં લાયન્સ ક્લબ પ્રમુખ રમેશભાઈ ઠકકર તથાં લાયન્સ મેમ્બર્સની પુરી ટીમ દ્વારા કાર્યક્રમ નું સુંદર અને ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં શ્રી પરિમીત જોબનપુત્રા દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ની તૈયારી ની યોગ્ય રીતો અને યાદ રાખવાની કળા વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

# પ્રાંતિજના દલપુર ખાતે સગીર યુવતીને ભગાડી જતા યુવતીના પિતા દ્વારા પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના દલપુર ખાતે સગીરવયની યુવતીને લલચાવી ફોસલાવીને લગ્ન કરવાના ઈરાદે ભગાડી જતાં યુવતીના પિતા દ્વારા અપહરણનો ગુનો નોંધાવતા પોલીસે પોસકો એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના દલપુર નાના ગામ ખાતે રહેતા ચંપકસિંહ શંકરજી સોંલકીની દિકરીને આરોપી સોલંકી રીતેશ લક્ષ્મણજી રહે. દલપુર નાવાગામ, તાલુકો પ્રાંતિજ, પોતે ફરીયાદીની દિકરીની ઉંમર-૧૬ વર્ષ ૯ માસની સગીર વર્ષની હોવા છતાં તે પોતે તેને તેણી સાથે લગ્ન કરવાના ઈરાદે કોઈપણ રીતે તેણીના સતત સંપર્કમાં રહી તેણીનો પીછો કરી તેણીને લલચાવી ફોસલાવીને તેણીનું અપહરણ કરી ભગાડી લઈ જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં યુવતીના પિતા ચંપકસિંહ શંકરજી સોલંકી ઉ.વર્ષ- ૩૮ રહે. દલપુર તેવોએ ભગાડી જનાર રીતેષ લક્ષ્મણ સોલંકી વિરૂધ્ધમાં ગુનો નોંધાવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ- ૩૩૬, ૩૬૬ તથા પોસકો એકટ ૨૦૧૨ની કલમ ૧૧ (૪) મુજબ ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી છે.





**ડીસા શહેરમાં વહેલી સવાર અને મોડી રાત સુધી ધમધમતા ટ્યુશન ક્લાસ**

ડીસા શહેરમાં વહેલી સવારે અને મોડીરાત સુધી ધમધમતી ટ્યુશનની હાટડીઓ ગેરકાયદેસર રીતે ધમધમી રહી છે. સરકારે મોડી રાતે અને વહેલી સવારે ટ્યુશન પર સ્પષ્ટ પ્રતિબંધ મુક્યો હોવા છતાં શહેરમાં શિક્ષણ વિભાગની મિલીભગતથી ખુલ્લેઆમ રેસીડેન્સી વિસ્તારોમાં ગેરકાયદેસર ટ્યુશન ક્લાસીસો ચાલી રહ્યા છે. ડીસા શહેરમાં વહેલી સવારે અને મોડી રાત સુધી ધમધમતા ટ્યુશન ક્લાસીસોમાં વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી મોટા ઉપાડે ફી લેવામાં આવે છે. ટ્યુશનની આ બદીમાં સરકારનો પગાર મેળવતા શિક્ષકો પણ સામેલ છે. શહેરની અંદર ભૂતકાળમાં આવા ટ્યુશન ક્લાસીસસોમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓના યૌન શૌષણની ઘટનાઓ બની ચુકી છે. લંપટ શિક્ષકો નાદાન બાળાઓને ફોસલાવી ફસાવી ચુકપાતી ઘટનાઓ અવારનવાર સામે આવી છે. છતાં શિક્ષણ વિભાગના આકાઓની આંખ ઉઘડતી નથી. ત્યારે શહેરમાં બિન અધિકૃત રીતે ધમધમતી ટ્યુશનની હાટડીઓ સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

# અરવલ્લી જિલ્લામાં આયોજન સામે વધુ ગ્રાન્ટ ફાળવવા રજુઆત

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લા ગુજરાત પેટર્ન આયોજન ૨૦૧૭-૨૦૧૮ની કરેલ આયોજન સંદર્ભે બેઠક મળેલ. જિલ્લાના આયોજન માટે અત્રેથી ૨૩.૯૨ કરોડની માંગણી કરવામાં આવેલ જેની સામે રાજ્ય સરકાર દ્વારા ૭.૪૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેની સામે જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ આયોજન જેટલી જ રકમ ફાળવવા રજુઆત કરેલ. બેઠકમાં પ્રમુખ રાજેન્દ્ર પારઘીએ રજુઆત કરેલ કે, જિલ્લાના ભિલોડા-મેઘરજ ટ્રાયબલ તાલુકામાં પીવાના પાણી, તાલુકાના ગ્રામ્ય રસ્તા, આરોગ્યની સુવિધા, નાની સિંચાઈ તેમજ ગ્રામ વિકાસ તેમજ કૃષિ અને પાક સામે જે આયોજન કરવામાં આવેલ છે તેની સામે રાજ્ય સરકાર દ્વારા ઓછી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. ભિલોડા અને મેઘરજ વિસ્તારના ગ્રામ્ય રસ્તા કે જે એક વાર બન્યા પછી ઘણા લાંબા સમયથી રીપેર કરવામાં આવતા નથી, સામાન્ય શિક્ષણ ક્ષેત્રે ૪,૫૫ કરોડની આયોજન કરવામાં આવેલ જેની સામે રાજ્ય સરકારે ફક્ત ૫૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, તબીબી અને જાહેર આરોગ્ય ક્ષેત્રે ૧.૪૩ કરોડનું આયોજન કરવામાં આવેલ જેની સામે ફક્ત ૫૭.૭૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે, શ્રમ અને રોજગાર ક્ષેત્રે ૫૬ લાખનું આયોજન કરવામાં આવેલ જેની સામે ફક્ત ૭.૫૪ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. રસ્તા અને પુલો ક્ષેત્રે ૪.૪૪ કરોડનું આયોજન કરવામાં આવેલ જેની સામે ફક્ત ૫૪ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ પાણી પુરવઠા ક્ષેત્રે ૩.૬૭ કરોડનું આયોજન કરવામાં આવેલ જેની સામે ફક્ત ૧.૨૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમ ભિલોડા-મેઘરજ વિસ્તારના ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અમારા દ્વારા જે આયોજન કરી ૨૪ કરોડની દરખાસ્ત કરવામાં આવી છે જેની સામે રાજ્ય સરકારે ફક્ત ૭.૪૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જે ખરેખર દુઃખદ બાબત છે.

